કચ્છ, વલસાડ, ભાવનગર, જામનગર, મહેસાણા તથા ગાંધીનગર એમ કુલ છ જિલ્લાઓમાં ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા અંગે રૂ.૧૩૫.૨૨ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૮/૨૧૬૩૧/ન.બા./છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૪/૦૬/૨૦૧૮.

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૮/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક:સસુખા/યજન/નવી બાબત/૧૮-૧૯/૧૬/૨૧૪.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૩/૦૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક:યજન/નવી બાબત/૧૭-૧૮/૨૫૩.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૩/૦૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક:સસુખા/યજન/નવી બાબત/૧૭-૧૮/૨૮૨-૨૮૩.

**<u>આમુખ:-</u>**

ભારત સરકારના ધ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ (૨૦૦૬નો ૨-જો) ની કલમ-૪૩ની પેટા કલમ (૧), પેટા કલમ (૨) અને પેટા કલમ (૩) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ રાજ્ય સરકાર સ્વયં અથવા સ્વૈચ્છિક સંસ્થા અથવા બિનસરકારી સંસ્થાના ઉપક્રમે બાળકો માટે જરૂરીયાત મુજબ ઓપન શેલ્ટર હોમની વ્યવસ્થા અને તેની જાળવણીનું કામ કરી શકે છે.

પ્રસ્તુત બાબતે ભારત સરકારની ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પ્રોટેક્શન સ્કીમ (ICPS) CSS(60:30:10)ની ગાઈડ લાઈન અંતર્ગત રાજ્યનાં કચ્છ, વલસાડ, ભાવનગર, જામનગર, મહેસાણા તથા ગાંધીનગર એમ કુલ છ જિલ્લાઓમાં કુલ છ નવાં ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા માટે શેલ્ટર હોમ દીઠ કુલ ૮(આઠ) જગ્યાઓનું મહેકમ માસિક ફીક્સ પગારનાં

ધોરણે ઉભું કરવા અંગેની નવી સેવાની રૂ.૧૩૫.૨૨ લાખની જોગવાઈનો વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં સમાવેશ કરવાની વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧) અને (૨)ની નિયામકશ્રી(સ.સુ.)ની દરખાસ્ત અન્વયે ઉક્ત છ જિલ્લાઓમાં કુલ છ નવાં ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા માટે નવી સેવાની રૂ.૧૩૫.૨૨ લાખની વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં જોગવાઇ થયેલ છે. જે ધ્યાને લઇ ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા માટે વંચાણે લીધેલા ક્રમાંકઃ (૩)ની નિયામકશ્રી(સ.સુ.)ની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧), (૨) અને (૩) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજ્યમાં કચ્છ, વલસાડ, ભાવનગર, જામનગર, મહેસાણા તથા ગાંધીનગર એમ કુલ છ જિલ્લાઓમાં કુલ છ નવા ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા માટે શેલ્ટર હોમ દીઠ નીચે મુજબનું કુલ ૬(છ) જગ્યાઓનું મહેકમ ગણતા ૬(છ) શેલ્ટર હોમ માટે કુલ ૩૬(છત્રીસ) જગ્યાઓ ૧૧ માસ માટે કરારથી માસિક ફીક્સ પગારનાં ધોરણે ઉભું કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક ફીક્સ પગાર રૂ. |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | વ્યવસ્થાપક | ૧ | માસિક ફીક્સ પગાર રૂ.૧૭,૫૦૦/- |
| ૨. | સામાજિક કાર્યકર | ૧ | માસિક ફીક્સ પગાર રૂ.૧૪,૦૦૦/- |
| ૩. | સંભાળ રાખનાર | ૧ | માસિક ફીક્સ પગાર રૂ.૯,૦૦૦/- |
| ૪. | પહોંચ કાર્યકર(આઉટરીચ) | ૨ | માસિક ફીક્સ પગાર રૂ.૮,૦૦૦/- (પ્રતિ જગ્યા) |
| ૫. | હેલ્પર | ૧ | માસિક ફીક્સ પગાર રૂ.૬,૦૦૦/- |
| | કુલ - | ૬ | |

ભારત સરકારની ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પ્રોટેક્શન સ્કીમ (ICPS) CSS(60:30:10)ની ગાઈડ લાઈન અંતર્ગત રાજ્યમાં કચ્છ, વલસાડ, ભાવનગર, જામનગર, મહેસાણા તથા ગાંધીનગર એમ કુલ છ જિલ્લાઓમાં કુલ છ નવાં ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા માટે થનાર કુલ ૧૫૦.૨૫ લાખના આવર્તક અને અનાવર્તક ખર્ચને ધ્યાને લેતાં વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં કેન્દ્ર સરકારનાં ૬૦% લેખે રૂ.૯૦.૧૫ લાખ તથા રાજ્ય સરકારનાં ૩૦% લેખે રૂ.૪૫.૦૭ લાખના ફાળાની મળી કુલ ૯૦% લેખેની રકમ રૂ.૧૩૫.૨૨ લાખ (રૂ.૯૦.૧૫ લાખ + રૂ.૪૫.૦૭ લાખ)ની જોગવાઈ નવી બાબત તરીકે મંજૂર થયેલ છે.

મંજૂર થયેલ ઉક્ત જોગવાઇ પૈકી વલસાડ જિલ્લા ખાતે નવું ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા રૂ.૨૨.૫૩ લાખ (રૂ.૧૩.૫૨ લાખ + રૂ.૦૯.૦૧ લાખ) તથા કચ્છ, ભાવનગર, જામનગર, મહેસાણા તથા ગાંધીનગર એમ અન્ય કુલ ૫(પાંચ) જિલ્લાઓ ખાતે નવા ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા રૂ.૧૧૨.૬૯ લાખ (રૂ.૬૭.૬૧ લાખ + રૂ.૪૫.૦૮ લાખ) મળી વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજૂર થયેલ કુલ રૂ.૧૩૫.૨૨ લાખ (અંકે રૂપિયા એક કરોડ પાંત્રીસ લાખ બાવીસ હજાર પુરા)ની જોગવાઈનો ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળનાર ફાળાની રકમ સમયમર્યાદામાં મેળવી લેવાની કાળજી રાખવાની રહેશે.

વલસાડ જિલ્લા ખાતે નવું ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા અંગેનો ખર્ચ માંગણી નં.૯૬, મુ.સ.-૨૨૩૫-૦૨-૭૯૬-૧૬ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે તથા કચ્છ, ભાવનગર, જામનગર, મહેસાણા તથા ગાંધીનગર એમ અન્ય કુલ ૫(પાંચ) જિલ્લાઓ

ખાતે નવા ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૩-૦૩ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૩૦/૦૫/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. બી. વણઝારા )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, કચ્છ/ વલસાડ/ ભાવનગર/ જામનગર/ મહેસાણા/ ગાંધીનગર.
- ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, કચ્છ/ વલસાડ/ ભાવનગર/ જામનગર/ મહેસાણા/ ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ, કચ્છ/ વલસાડ/ ભાવનગર/ જામનગર/ મહેસાણા/ ગાંધીનગર.
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.